ડાયરેક્ટ ❤ સે

પુરવાર મારે
ક્યાં કશું કરવાનું છે..?
હું સૂર્ય છું
ને રોજ ઝળહળવાનું છે...!

જન્મદિને વધામણી

ભરત કવિ 'ઊર્મિલ'
તંત્રી, પાટનગર પ્રકાશ
મો. ૯૪૨૬૪ ૧૫૭૨૭

વી એસ ગઢવી (આઈએએસ)
કોલમિસ્ટ
ગાંધીનગર સમાચાર

નીતિન રાવત
કલાકાર, જી ઈ ક્લબ
મો. ૯૯૦૪૩ ૪૪૫૦૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલનો શાનદાર વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલનો ઈનામ વિતરણ તથા વાર્ષિકોત્સવ સમારોહ તાજેતરમાં શેઠ ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવનમાં યોજાયો હતો. સમારોહના અધ્યક્ષ તરીકે અરવિંદભાઈ ટી પટેલ (પૂર્વ મંત્રી, ગુજરાત રાજ્ય), મુખ્ય મહેમાન તરીકે વિજયભાઈ પટેલ (એડીશનલ એસપી, ગાંધીનગર) તથા અતિથિ વિશેષ તરીકે શાળાનાં પૂર્વ વિદ્યાર્થીની અને હાલ માહિતી-પ્રસારણ વિભાગનાં નાયબ સેક્શન અધિકારી ડૉ. માલા કાપડિયા ઉપસ્થિત રહ્યાં હતાં. સમારોહ અંતર્ગત ધો. ૧થી ૮ના તમામ વર્ગોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીની તથા દરેક વર્ગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર ૨૭ વિદ્યાર્થિનીઓને કુલ ૩૫૭૧૦ રૂપિયાની મેરીટ સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી.

રાષ્ટ્ર તથા રાજ્યકક્ષાએ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતાપદ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને પણ સંસ્થા દ્વારા પુરસ્કાર રૂપે પુસ્તકની ભેટ ધરવામાં આવી હતી.

વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા 'ભાઈ-બહેનનાં હેત' થીમ આધારિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં અંગ્રેજી નાટક, રક્ષાબંધન, સબ સે બડા ડાન્સ, નૃત્યનાટિકા સામેલ હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં આચાર્ય નીરૂબેન જે પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. સમારોહના અધ્યક્ષ અરવિંદભાઈ પટેલે તમામ વિદ્યાર્થિનીઓને જીવનમાં માતા-પિતાનું સ્થાન અમોલું છે એવી સુંદર વાત કરી હતી. વિજયભાઈ પટેલે વિદ્યાર્થીનીઓને પોતાના રસનાં ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાની શિખ આપવામાં આવી હતી.

ડૉ. માલા કાપડિયાએ શાળા સાથેનાં પોતાનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન મદદનીશ શિક્ષક ચંદ્રકાન્તભાઈ પટેલ અને વિદ્યાર્થિની તન્વીબા, અંજલી દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના કર્મયોગી સ્ટાફમિત્રોનો સક્રિય સહયોગ કાર્યક્રમ માટે પ્રાપ્ત થયો હતો. ભગિની સંસ્થાઓના આચાર્યો, વાલીઓ આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

એસ જી પ્રાથમિક શાળાના ધો-૬ના વિદ્યાર્થીઓએ સરદાર પટેલ રાષ્ટ્રીય મ્યુઝીયમની મુલાકાત લીધી

ગાંધીનગરની એસ.જી પ્રાથમિક શાળાનાં ધો- ૬નાં બાળકોએ અમદાવાદમાં આવેલ સરદાર પટેલ મ્યુઝીયમની મુલાકાત લીધી હતી. અહીં બાળકોએ સરદાર પટેલના જીવન વિષયક માહિતી મેળવી હતી તેમજ તેમનાં કાર્યોથી પરિચિત પણ થયાં હતાં. શિક્ષકો પણ આ મુલાકાતમાં વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત નાટક

'ન.મો.ની લીલા'એ લોકોનાં મન મોહ્યાં

કુંતલ નિમાવત લિખિત - દિવ્યકાન્ત વર્મા દિગ્દર્શિત કૉમેડી નાટકને પ્રેક્ષકોએ ભરપૂર માણ્યું ને સરાહ્યું

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત ગાંધીનગર શહેરના નાટક 'ન.મો.ની લીલા'ના ત્રણ સફળ શો ગાંધીનગર, અમદાવાદ અને કપડવંજ મુકામે યોજવામાં આવ્યા હતા. સંપૂર્ણ મનોરંજક એવા આ નાટકને પ્રેક્ષકોની ભરપૂર પ્રશસ્તિ પ્રાપ્ત થઈ હતી.

નાટકનો પ્રથમ શો ડૉ. આંબેડકર હૉલ ખાતે સફળતમ રહ્યો હતો. 'ન.મો.ની લીલા' - નાટકના નામથી જ આકર્ષાઈને નાટ્યરસિક પ્રેક્ષકોએ આખો હૉલ ચિક્કાર ભરી દીધો હતો. પહેલા દૃશ્યથી માંડીને છેલ્લા દૃશ્ય સુધી ખડખડાટ હસાવતા આ નાટકને પ્રેક્ષકોએ મન ભરીને માણ્યું હતું અને બે મોઢે વખાણ્યું હતું.

આ મનોરંજક નાટકને માણવા આવકાર ઍજ્યુકેશન ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા, પાટનગર પ્રકાશ અખબારના તંત્રી અને ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ ભરત કવિ, રમત જગત મૅગેઝીનના તંત્રી ભૂપેન્દ્ર શ્રોત્રિય, પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનીષ ખત્રી, નાટ્યકાર નવિન સિંગલ, અદાકાર કરણ રાજવીર ઉપરાંત અભિનેતા-દિગ્દર્શક પાર્થ બારોટ ઉપસ્થિત રહ્યા હતા.

નાટકનો બીજો શો રંગમંડળ, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો, જ્યાં પણ નાટ્યરસિક જનતાએ નાટકને મન ભરીને માણ્યું હતું. આ પ્રસંગે લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ આર્ટીસનના પ્રમુખ દેવેન્દ્ર મહેતા, નાટ્યકાર પ્રકાશ જાડાવાલા અને અભિનેતા જિજ્ઞેશ દિક્ષિત, સુજાન ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. નાટકના ત્રીજા શોનું મંચન નગર નાટ્યગૃહ (ટાઉનહૉલ), કપડવંજ ખાતે શિવરંજની કલ્ચરલ ગ્રુપના સહયોગથી કરવામાં આવ્યું હતું. શિવરંજની કલ્ચરલ ગ્રુપના પ્રમુખ શૈલેષ પટેલ, હોદ્દેદારો અને સંસ્થાના સભ્યોએ આ પ્રસંગે ઉપસ્થિત રહી નાટકથી મનોરંજન પ્રાપ્ત કર્યું હતું અને તેની સરાહના પણ કરી હતી.

કુંતલ નિમાવત લિખિત અને દિવ્યકાન્ત વર્મા દિગ્દર્શિત આ નાટકમાં ગાયત્રી પંચાલ, હાર્દિકા શુક્લ, ફાલ્ગુન નંદા, મૌન સાધુ, દિવ્યકાન્ત વર્મા અને કુંતલ નિમાવત દ્વારા સશક્ત અભિનય આપવામાં આવ્યો હતો.

સાબિર મલેક, મયુર ભાટીયા દ્વારા લાઈટ સંચાલન, પ્રતીક હીરપરા દ્વારા સંગીત સંચાલન, પર્વ નિમાવત, હિતાર્થ શ્રોત્રિય દ્વારા નેપથ્ય, અર્થ સાધુ અને દિશાન્ત સોની દ્વારા સેટીંગ્સ, પ્રતીક્ષા નિમાવત દ્વારા મેક-અપ, મનીષા ખત્રી દ્વારા ડ્રેસીંગ્સ અને નીતા ભચેચ, હિમાંશુ ભચેચ, અને કમલેશ મહેતા દ્વારા ડ્રામા પ્રૉડક્શનની જવાબદારી અદા કરવામાં આવી હતી.

એમ બી પટેલ સ્કૂલનો વિદ્યાર્થી ટેક્વોનડોમાં રાષ્ટ્રકક્ષાએ ઝળક્યો

ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના ધોરણ-૯ ડીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અમન પટેલે ઈન્ડિયન યુનિવર્સિટી ટૅક્વોન ડો ફેડરેશન આયોજિત ફૂટબૉલ સ્પર્ધામાં ગુજરાત-એ, જુનિયર વિભાગમાં પ્રથમ ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું છે. આ વિદ્યાર્થી હવે નેપાળ ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં દેશનું પ્રતિનિધિત્વ કરશે.

શાળા અને શહેરનું નામ રોશન કરનાર આ વિદ્યાર્થીને બિરદાવી શાળા પરિવાર દ્વારા અભિનંદન અને શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

સૅપ્ટ યુનિવર્સિટીનો ૧૨મો પદવીદાન સમારોહ યોજાયો

૨૫ વિદ્યાર્થીઓને ડોક્ટરેટ ડિગ્રી, ૩૨૬ વિદ્યાર્થીઓએ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી ૧૮૬ અન્ડર ગ્રેજ્યએટ ડિગ્રી તેમજ ૪૨ વિદ્યાર્થીઓને યુનિ. લેવલના એવોર્ડ

ગાંધીનગર, તા. ૨૧

સેપ્ટ યુનિવર્સિટીનો ૧૨મો પદવીદાન સમારોહ શનિવારે યોજાયો હતો જેમાં ૫૩૭ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ હતી જેમાં ૨૫ વિદ્યાર્થીઓને ડોક્ટરેટ ડિગ્રી, ૩૨૬ વિદ્યાર્થીઓએ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી, ૧૮૬ અન્ડર ગ્રેજ્યએટ ડિગ્રી તેમજ ૪૨ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી લેવલના એવોર્ડ એનાયત કરાયા હતા. આ પ્રસંગે એવાયયુ મેરોન ઈન્સ્ટિટ્યૂટ ઓફ અર્ન મેનેજમેન્ટના સિનિયર રિસર્ચ સ્કોલર અને અર્બનિસ્ટ પ્રોફેસર એલેન બર્તોડ મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતાં. આ પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે, ઘણી વખત એવું બને છે કે, પોતાના પ્લાનનો યોગ્ય અમલ ન થાય ત્યારે મોટા ભાગના અર્બન પ્લાનર્સ નિરાશ થતા હોય છે. તેઓ સમાજને અને વ્યવસ્થાને જવાબદાર ઠેરવતા હોય છે. તેના બદલે તેમણે જે પણ થયું એની જવાબદારી સ્વીકારવી જોઈએ. પ્રોફેસર બર્તોડે વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું કે, આપણું કામ માત્ર સારા સર્જનાત્મક વિચાર અને કલ્પનાઓ કરવાનું નથી. આપણું કામ અન્ય વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને આપણો વિચાર ગળે ઉતારવાનું પણ છે. જેથી તેઓ શહેરના વિકાસની પ્રક્રિયા સમજી શકે અને તેમાં પોતાનાથી બનતો ફાળો આપી શકે. આ એક મોટો પડકાર હશે કારણ કે, આજે પદવી ધારણ કરી રહેલા વિદ્યાર્થીઓમાંથી તમે જ્યારે નિવૃત્ત થવાની ઉંમરે પહોંચશો ત્યારે શહેરીકરણની પ્રક્રિયા લગભગ ખતમ થઈ ચૂકી હશે. પણ જો આપણે અત્યારે ગરબડ કરીશું તો ત્યારે સમગ્ર માનવજાત માટે આ એક નિષ્ફળતા બની જશે.

પિતા હસમુખ પટેલના અવસાનના કારણે સેપ્ટ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ બિમલ પટેલ કોન્વોકેશનમાં હાજર રહી શક્યા નહોતા તેથી તેમના સ્થાને યુનિવર્સિટીના એકેડેમિક ડિરેક્ટરે શ્રીવસ્થને યુનિવર્સિટીની વર્ષ ૨૦૧૬-૧૭ની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, આ વર્ષથી સેપ્ટમાં ટ્રાન્સ્પોર્ટેશન મનેજેમેન્ટનો પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ શરૂ થશે. તેમજ એક ટીચિંગ એન્ડ લર્નિંગ સેન્ટર શરૂ થશે. આ પ્રસંગે હાજર રહેલા સેપ્ટ યુનિવર્સિટીના ગર્વનિંગ કાઉન્સિલના સભ્ય કાર્તિકેય સારાભાઈએ જણાવ્યું હતું કે, આ સંસ્થાને વિશ્વકક્ષાની બનાવવાની બોર્ડની ઈચ્છા છે, આપણી પાસે કેમ્પસ પર સુવિધા અને ક્ષમતા પણ છે, પરંતુ આપણને જે ઈચ્છિએ તે પ્રમાણે કરવાની મંજૂરી નથી. આ ઉપરાંત તેમણે વૈશ્વિક શહેરીકરણના કારણે આવનારા પડકારો વિશે પણ વાત કરી હતી.

રક્ષાશક્તિ યુનિવર્સિટી દ્વારા

'સાયબર સિક્યુરિટી' અંગે મીડિયા અવેરનેસ વર્કશૉપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

દુનિયા 'ડિજિટલ' બની રહી છે અને ઓનલાઈન બેન્કિંગનો વ્યાપ વધી રહ્યો છે. કમ્પ્યૂટર કે મોબાઈલ ફોન ઉપર 'આંગળીના ટેરવે' પોતાના રોજિંદા અને આર્થિક વ્યવહારો ચલાવવાની આદત વ્યાપક બની રહી છે. આપણી 'નેકસ્ટ જનરેશન' આધુનિક તો બની જશે પણ 'સાયબર વર્લ્ડ'માં પણ ચીટરોનો ઉપદ્રવ નિરંકુશપણે વધી રહ્યો છે. ઝડપથી થઈ રહેલાં આ બદલાવ વચ્ચે આવનારી પેઢીને સતર્ક બનાવવા માટે રક્ષાશક્તિ યુનિવર્સિટી (RSU) અને ECSએ હાથ મિલાવ્યાં છે. 'સાયબર સિક્યુરિટી સામે થ્રેટ' સામે જનજાગૃતિ કેળવવા માટે ધોરણ ૧૧, ૧૨માં અભ્યાસ કરતા સ્ટુડન્ટસને સ્કૂલોમાં જઈને પાયાની જાણકારી આપવામાં આવશે. જ્યારે, ધોરણ ૮, ૯ના અભ્યાસક્રમમાં સાયબર સિક્યુરિટીનું ચેપ્ટર ઉમેરવા માટે રક્ષાશક્તિ યુનિવર્સિટી ગુજરાત શિક્ષણ વિભાગને પત્ર લખશે. સાયબર સિક્યુરિટી અંગે સામાન્ય સમજ મળી રહે તેવું ચેપ્ટર તૈયાર કરી આપવાની તૈયારી પણ RSUએ દર્શાવી છે. આજે 'સાયબર સિક્યુરિટી' અંગે મીડિયામાં અવેરનેસ અંગે યોજાયેલા વર્કશોપમાં બહુધા સમાજને ઉપયોગી થાય તેવી વિગતો અપાઈ હતી.

વિશ્વ સાથે કદમ મિલાવવા ભારત 'ડિજિટલ યુગ'માં તેજ ગતિએ આગળ ધપી રહ્યું છે. ગુજરાત સરકારની 'રક્ષાશક્તિ યુનિવર્સિટી' 'સાયબર સિક્યુરિટી' અંગે પોલીસને સુશિક્ષિત બનાવવા માટે આવશ્યક કાર્યવાહી કરી રહી છે. આમ છતાં, ડિજિટલ યુગમાં ઈ-ચીટિંગની ગુનાખોરી જે ઝડપથી વધી રહી છે તે જોતાં લોકોમાં જાગૃતતા કેળવાય તે આવશ્યક છે. રક્ષાશક્તિ યુનિવર્સિટીના વડા, IPS વિકાસ સહાયે જણાવ્યું કે, રક્ષાશક્તિ યુનિવર્સિટી સાયબર સિક્યુરિટી અને સાયબર ફોરેન્સિકના ત્રણ કોર્સ ચલાવે છે. પોલીસને આધુનિક બનાવવા માટે વિશેષ અભ્યાસક્રમો છે. પરંતુ, સાયબર યુગમાં લોકો પણ જાગૃત બને તે જરૂરી હોવાથી ECS કંપનીની મદદથી સાયબર સિક્યુરિટી અંગે જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. મીડિયામાં જાગૃતિ ઉપરાંત ધોરણ ૧૧, ૧૨ના સ્ટુડન્ટસને સ્કૂલોમાં જઈને 'અવેર' કરવામાં આવશે. રક્ષાશક્તિ યુનિવર્સિટી 'સાયબર સિક્યુરિટી'ની પાયાની જાણકારી આપતું એક ચેપ્ટર લખવા ઈચ્છે છે. આ ચેપ્ટર ધોરણ ૮ અને ૯ના સ્ટુડન્ટસના અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવે તેવી દરખાસ્ત ગુજરાતના શિક્ષણ વિભાગને મોકલવા વિચારણા છે.

અમદાવાદમાં ૨૬મી જાન્યુઆરીએ બાલકૃષ્ણ દોશીનું વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા યોજાતી રવિશંકર રાવળ વ્યાખ્યાન શ્રેણીના ભાગરૂપે શહેરના જાણીતા સ્થપતિ બાલકૃષ્ણ દોશીનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે. આ વ્યાખ્યાન શ્રેણીનું પંદરમું વ્યાખ્યાન 'પોરોસિટી, પેરાડોક્સ, પ્રેક્ટિસ માય જર્ની' વિષય પર વાત કરશે. આ કાર્યક્રમ ૨૬ જાન્યુઆરી, શુક્રવારે સાંજે ૬ વાગે રા.વિ. પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ ખાતે યોજાશે.

એઆઈસીટીઈની સ્પષ્ટતા : ટેકનીકલ કૉલેજોમાં હાજરી બાબતનો પરિપત્ર ખોટો

ગાંધીનગર, તા. ૨૧

રાજયની જુદી જુદી યુનિવર્સિટીઓના લેટરપેડ પર ખોટા પરિપત્રો જાહેર થતાં હોવાની ઘટનાઓ અનેક વખત બહાર આવી છે. પરંતુ તાજેતરમાં ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ)ના નામે ખોટો પરિપત્ર ફરતો થયો હતો. જેમાં હવે પછી ટેકનિકલ કોલજોમાં ૭૫ ટકા હાજરીના બદલે વોકેશનલ પ્રોજેક્ટને મહત્વ આપવામાં આવશે તેવી વાત કરવામાં આવી હતી. જો કે, કાઉન્સિલના નામે પરિપત્ર ફરતો થયો હોવાની વિગતો જાહેર થતાંની સાથે જ કાઉન્સિલ દ્વારા ગઈકાલે સત્તાવાર પરિપત્ર જાહેર કરીને આ પ્રકારનો કોઈ નિર્ણય કરવામાં આવ્યો ન હોવાની સ્પષ્ટતા કરવી પડી હતી.

ગુજરાત યુનિવર્સિટીના લેટરપેડ પર થોડા સમય પહેલા પરીક્ષાના સમયમાં ફેરફાર કરાયો હોવાની વિગતો લખીને તેને જુદા જુદા અખબારો સુધી પહોંચતી કરવામાં આવતી હતી. આ અંગે યુનિવર્સિટી સત્તાધીશોનું ધ્યાન દોરવામાં આવતાં આ પરિપત્ર ખોટો હોવાની સત્તાવાર જાહેરાત કરવી પડી હતી. જો કે, યુનિવર્સિટીના લેટરપેડ પર ખોટો પરિપત્ર કોણે અને શા માટે જાહેર કર્યો તેની આજસુધી કોઈ સ્પષ્ટતા થઈ શકી નથી. બરાબર આજ પ્રકારની સ્થિતિ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ) એટલે કે દેશની તમામ ટેકનિકલ કોલેજોની મંજૂરી અને નિયમન કરતી નેશનલ ઈન્સ્ટિટયૂટ સાથે બની હતી. તાજેતરમાં એઆઈસીટીઈના લેટરપેડ પર લખાયેલો એક મેસેજ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેમાં એવો ઉલ્લેખ કરાયો હતો કે, એઆઈસીટીઈ દ્વારા હવે ટેકનિકલ કોલેજોમાં વિદ્યાર્થીઓની ૭૫ ટકા હાજરી ફરજિયાત છે તે નિયમ રદ કરવામાં આવ્યો છે. જેના સ્થાને વોકેશનલ પ્રોજેક્ટને સ્થાન આપવામાં આવ્યુ છે. એટલે કે ટેકનિકલ કોલેજોમાં હવે વિદ્યાર્થીઓની ૭૫ ટકા હાજરી ફરજિયાત રહેશે નહીં. કાઉન્સિલના માધ્યમથી આ પ્રકારની જાહેરાત વાંચીને ટેકનિકલ કોલેજ સંચાલકોને ભારે આશ્ચર્ય થયું હતું. સોશિયલ મીડિયા પર આ મેસેજ બહુ જ ઝડપથી વાયરલ થતાં કાઉન્સિલના સત્તાધીશો સુધી પણ વાત પહોંચી હતી. જેના કારણે સત્તાધીશો પણ આ પ્રકારના મેસેજ જોઈને ચોંકી ઊઠયા હતા. તાકીદે સત્તાવાર પરિપત્ર જાહેર કરીને એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, કાઉન્સિલ દ્વારા હાજરીના મુદ્દે કોઈ પરિપત્ર કરવામાં આવ્યો નથી. હાજરીના સ્થાને વોકેશનલ પ્રોજેક્ટની વાત છે તે નિરર્થક છે. કાઉન્સિલે આવો કોઈ પરિપત્ર કર્યો નથી. આ પરિપત્ર ગેરમાર્ગે દોરનારો છે. જેમણે આ પરિપત્ર જાહેર કર્યો છે તેમની સામે કાઉન્સિલ દ્વારા સાયબર ક્રાઈમ, દિલ્હી પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે.